# એશિયન આર્થિક કટોકટીના ભણકારા

## ટૂંકમાં ગંભીર એશિયન નાણાંકીય કટોકટી સર્જાશે : હેવાલમાં ધડાકો : આગામી ૧૨-૧૮ મહિનામાં કટોકટી ઉભી થવાના ભણકારા : વર્તમાન સ્થિતીમાં નાણાંપ્રધાન અને આરબીઆઈના ગવર્નર પણ કટોકટીને હવે નહી રોકી શકે : સામાન્ય લોકોની હાલત ખુબ જ કફોડી થવાના સંકેત

નવી દિલ્હી,તા. ૨૯
આગામી ૧૨-૧૮ મહિનાના ગાળામાં જ વધુ એક ગંભીર એશિયન નાણાંકીય કટોકટી ઉભી થવાના સંકેત દેખાઈ રહ્યા છે. આ નાણાંકીય કટોકટીને હવે નાણાંપ્રધાન અને આરબીઆઈના ગવર્નર પણ રોકી શકશે નહી. આગામી થોડાક મહિનામાં આ કટોકટીના અહેવાલ બાદ સરકાર અને આરબીઆઈની ઉંઘ હરામ થઈ ગઈ છે. ચિદમ્બરમ અને રઘુરામ રાજન આ સ્થિતીને ટાળી શકશે નહી. વર્ષ ૧૯૯૭-૯૯ના અનુભવથી બોધપાઠ લઈને ભારત સહિત તમામ દેશોએ વિદેશી હુડિયામણની સ્થિતી મજબુત કરી હતી. ખર્ચમાં ઘટાડો કર્યો છે. એક્સચેંજ રેટ પર પણ ધ્યાન કેન્દ્રિત કર્યુંછે. જાણકાર લોકોનુ કહેવુ છે કે વર્ષ ૧૯૯૭-૯૯ની જેમ એકદમ પતન થશે નહી પરંતુ એશિયન દેશોમાં ભારે નુકસાન થશે. ડોલરની સામે રૂપિયામાં હાલ તીવ્ર ઘટાડો થઈ રહ્યો છે. રૂપિયામાં ઘટાડાના કારણે તમામ ચીજવસ્તુઓની કિંમતમાં ઉલ્લેખનીય વધારો થશે. જેમાં આયાતનો પૅણ સમાવેશ થાય છેય મે મહિના બાદથી ડોલરની સામે ૨૫ ટકાની આસપાસ રૂપિયામાં ઘટાડો થયો છે. ડોલરની સામે રૂપિયો ૬૮થી ઉપર પહોંચી ગયો છે. જેથી જીડીપીના ૨.૫થી ૩ ટકા સુધી ખરીદી શક્તિ ઘટી ગઈ છે. પેટ્રોલિયમ પેદાશો, ખાતરો, મોટા ભાગની કોમોડીટી વસ્તુઓ અને પરિવહન ખર્ચ સહિત તમામમા વધારો થયો છે. નાણાંપ્રધાન ચિમ્બરમ લોકો રોકાણ કરે તેમ ઈચ્છે છે પરંતુ લોકો હાલની સ્થિતીમાં રોકાણ કરવા માગતા નથી. ડોલરની સામે રૂપિયો નબળો તમામ ભારતીય સંપત્તિ સસ્તી થઈ રહી છે.

રૂપિયાની ઘટતી કિંમતના કારણે લોકોની ખરીદી શક્તિ ઘટી ગઈ છે. છેલ્લા કેટલાક દિવસથી ડોલરની સામે રૂપિયાની હાલત કફોડી બનેલી છે. બુધવારના દિવસે કારોબારના અંતે રૂપિયો ૬૮.૮૩ની સપાટીએ બંધ રહ્યો હતો. તેમાં ૨૬૪ પૈસાનો મોટો ઘટાડો થયો હતો. રૂપિયામાં હવે ઝડપથી તીવ્ર ઘટાડો થઈ રહ્યો છે. સિરિયા સામે અમેરિકા હુમલા કરી શકે છે. ક્રુડ ઓઈલની કિંમતમાં તીવ્ર વધારો થવા અને અન્ય અનેક પરિબળોના લીધે રૂપિયો દરરોજ નવી નીચી સપાટીએ પહોંચી રહ્યો છે.અત્રે ઉલ્લેખનીય છે જે જન્માસ્ટમીના એક દિવસ પહેલાડોલર સામે રૂપિયો રેકોર્ડ નીચી સપાટીએ પહોંચી ગયો હતો. છેલ્લા એક દિવસમાં સૌથી મોટો ઘટાડો નોંધાયો હતો. લોકસભાએ ફુડ સિક્યુરિટી બિલને પસાર કરી દીધા બાદ મોટો ઘટાડો થયો હતો. મંગળવારે કારોબારના અંતે રૂપિયો ડોલર સામે રેકોર્ડ ૬૬.૩૦ની સપાટીને સ્પર્શ કર્યા બાદ ૬૬.૨૪ની સપાટીએ બંધ રહ્યો હતો. સોમવારે ૬૪.૩૦ના બંધ આંક સામે તેમાં ૨.૯ ટકાનો ઘટાડો થયો હતો. ઓક્ટોબર ૧૯૯૫ બાદથી ડોલર સામે રૂપિયામાં સૌથી મોટો ઘટાડો થયો હતો. ૧૯૪ બેઝિક પોઈન્ટનો ઘટાડો આશ્ચર્યજનક રહ્યો છે. રૂપિયો ગઈકાલે ૨૬૪ પૈસા ઘટી ગયા બાદ આરબીઆઈ હવે સીધી રીતે ઓઈલ પીએસયુને ડોલરનુ વેચાણ કરશે.સ્થિતીને હળવી કરવાના પ્રયાસો બિલ અસરકારક સાબિત થઈ રહ્યા છે.



# દેશ આર્થિક સંકટમાં હોવાની વડાપ્રધાન સિંહે કબૂલાત કરી

## વર્તમાન કટોકટી માટે ઘણા પરિબળો છે : ઉભી થયેલી સ્થિતિ પર વડાપ્રધાન આજે નિવેદન કરશે



નવી દિલ્હી,તા. ૨૯
વડાપ્રધાન મનમોહનસિંહે આજે કહ્યુ હતુ કે ડોલર સામે રૂપિયામાં ધોવાણ અને ઓઈલની કિંમતોમાં સતત વધારો થઈ રહ્યો છે જેના લીધે આની માઠી અસર ભારતીય અર્થતંત્ર પર થઈ રહી છે. ભારત પણ હાલ આર્થિક સંકટમાં હોવાની કબૂલાત કરતા સિંહે કહ્યુ હતુ કે આના માટે કેટલાક સ્થાનિક કારણો પણ જવાબદાર છે. સિંહે રાજ્યસભામાં કહ્યુ હતુ કે આ બાબતને નકારી શકાય નહીં કે દેશ આર્થિક સંકટમાં નથી. રૂપિયાના અવમુલ્યન પર સંસદમાં વિપક્ષના નેતા અરૂણ જેટલી દ્વારા પુછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં સિંહે આ મુજબની વાત કરી હતી. તેમણે ઉમેર્યુ હતુ કે આર્થિક સંકટ માટે ઘણા કારણો છે. રૂપિયા અને ભારતીય અર્થતંત્ર પર અસરકરનાર કેટલાક બહારના પરિબળો પણ છે. સિંહે કહ્યુ હતુકે અમેરિકામાં નાણાંકીય વલણ અને સિરિયામાં ઉભી થયેલી કટોકટી બહારના કારણો પૈકી છે. ઓઈલની કિંમતો પર તેના અસરથી અર્થતંત્ર સામે સંકટની સ્થિતિ સર્જાઈ છે. સિંહે ઉમેર્યુ હતુ કે આ તમામ અનિશ્ચિતતાને સમજવાની જરૂર છે. વડાપ્રધાને કહ્યુ હતુ કે તેઓ આવતીકાલે સંસદમાં આ અંગે એક નિવેદન જારી કરશે. આના માટે તેમને થોડાક સમયની જરૂર છે. વડાપ્રધાને નિવેદન કરતા પહેલા નિષ્ણાંતોએ એવી પ્રતિક્રિયા આપી હતી કે દેશમાં અને એશિયામાં આવનાર મહિનાઓમાં નાણાંકીય કટોકટી સર્જાશે જેના લીધે ઘણી ચીજવસ્તુઓના ભાવ આસમાને જશે.

# ત્રાસવાદી સંગઠન IMનો સહ સ્થાપક યાસિન અંતે ઝડપાયો

## મુંબઈ, દિલ્હી સહિત અનેક હુમલાઓનો ભેદ ઉકેલાશે : ભારત-નેપાળ સરહદ પરથી ધરપકડ કરાઈ : ભટકલ પર કુલ ૨૫ લાખનું ઈનામ હતુ : મોસ્ટ વોન્ટેડ પૈકી એક યાસિન બોમ્બ પ્લાન્ટ કરવામાં માસ્ટર

નવી દિલ્હી,તા. ૨૯
અમદાવાદ અને સૂરત સહિત દેશના જુદા જુદા ભાગોમાં અનેક આતંકવાદી હુમલાઓને અંજામ આપનાર અને ઈન્ડિયન મુજાહિદીના આતંકવાદી સંગઠનના સહસ્થાપક સંકળાયેલા આ આતંકવાદીની અમદાવાદ, સૂરત, બેંગ્લોર, દિલ્હી અને હૈદરાબાદમાં થયેલા હુમલામાં પણ સંડોવણી હોવાનું જાણવા મળ્યુ છે. મહારાષ્ટ્રે આ વર્ષે ફેબ્રુઆરી મહિનામાં યાસિન અને તેના ત્રણ સાગરિતોની સૂચના આપનાર માટે ૧૦ લાખના ઈનામની જાહેરાત કરી હતી. આ ત્રણે ઉપર પૂણે શહેરના મધ્યમાં ઓગસ્ટ ૨૦૧૨માં થયેલા બ્લાસ્ટમાં સામેલ હોવાનો આક્ષેપ છે.

દિલ્હીમાં ત્રણ ત્રાસવાદી હુમલાઓમાંપણ તેની સંડોવણી રહેલી છે. દિલ્હી સરકારે પણ ૨૦૧૧માં તેના પર ૧૫ લાખના ઈનામની જાહેરાત કરી હતી. યાસિન કર્ણાટકના ભટકલનો નિવાસી છે. જ્યારે તહસિન બિહારના સમસ્તિપુર અને અસ્દુલ્લા ઉત્તરપ્રદેશના આજમગઢનો છે. વર્ષ ૨૦૧૦માં ઈન્ડિયન મુજાહિદ્દિનને આતંકવાદી સંગઠન તરીકે જાહેર કરાયો હતો. ઈન્ડિયન મુજાહિદ્દિનના અનેક આતંકવાદી હુમલાઓમાં સીધી રીતે હાથ રહેલો છે. વર્ષ ૨૦૧૧માં અમેરિકાએ પણ તેને આતંકવાદી સંગઠન તરીકે જાહેર કરીને તેની સામે પગલા લીધા હતા. યાસિન ભટકલની ધરપકડના અહેવાલને કેન્દ્રિય ગૃહપ્રધાન સુશીલકુમાર શિંદેએ પણ સમર્થન આપ્યુ હતુ. ભટકલ સામે બિનજામીનપાત્ર વોરન્ટ જારી કરવામાં આવ્યુ હતુ. શિંદેએ તરત જ વડાપ્રધાન મનમોહનસિંહ સાથે પણ આ અંગે વાત કરી હતી. ભટકલને વધુ તપાસ માટે સોંપી દેવામાં આવ્યો છે. વર્ષ ૨૦૧૨માં પુણે બોમ્બ બ્લાસ્ટમાં તે સામેલ છે. એમ માનવામાં આવે છે કે જર્મન બેકરીમાં બોમ્બ પ્લાન્ટ કરનાર તે જ હતો. ઉત્તર પ્રદેશ, બિહાર, દિલ્હી, મહારાષ્ટ્ર, રાજસ્થાન, ગુજરાત, મધ્યપ્રદેશ, આંધ્રપ્રદેશ, કર્ણાટક, કેરળ, તમિળનાડુ અને પશ્ચિમ બંગાળ પોલીસ તેને પકડી પાડવામાં નિષ્ફળ રહી હતી.


અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાં અન્ય કુખ્યાત ત્રાસવાદી અબ્દુલ કરીમ તુન્ડાની ધરપકડ કરવામાં આવી હતી. તેની પુછપરછના ગાળા દરમિયાન હવે ભટકલની ધરપકડ કરી લેવામાંઆવી છે. રાષ્ટ્રીય સુરક્ષા સંસ્થાના સલાહકાર શિવશંકર મેનનોની તરત માહિતી વડાપ્રધાન મનમોહનસિંહને આપી હતી. જે સાબિત કરે છે કે આ ખુબ મોટી સફળતા છે.

### સૂરત પોલીસ દ્વારા રિમાન્ડની માંગની તૈયારી

**સૂરતમાં બોમ્બ પ્લાન્ટ કરવા મામલે રિમાન્ડની માંગ થશે : વર્ષ ૨૦૦૮માં સૂરતમાં ભટકલે ૨૮ બોમ્બ પ્લાન્ટ કર્યા હતા : અમદાવાદ સિરિયલ બ્લાસ્ટમાં હાથ : અહેવાલ**


નવી દિલ્હી,તા. ૨૯
ભારતમાં અમદાવાદ સહિત ૧૦થી વધારે બોમ્બ બ્લાસ્ટના માસ્ટર માઈન્ડ ગણાતા યાસિન ભટકલની કસ્ટડીની માંગ સૂરત પોલીસ દ્વારા પણ કરવામાં આવશે. આના માટે પોલીસ સંબંધિત સુરક્ષા સંસ્થાઓનો સંપર્ક કરશે. અત્રે ઉલ્લેખનીય છે કે યાસિન સૂરતમાં ૨૮ બોમ્બ પ્લાન્ટ કરવાનો આરોપી છે. બિહાર અને નેપાળની સરહદ પર સોનોલી ગામમાંથી ભટકલની ગઈકાલે મોડી રાત્રે ધરપકડ કરી લેવામાં આવી હતી. સૂરતના જોઈન્ટ કમિશ્નર વીએમ પારઘીએ જણાવ્યું છે કે વર્ષ ૨૦૦૮માં સૂરતમાં ભટકલે ૨૮ બોમ્બ પ્લાન્ટ કર્યા હતા. આ મામલામાં અનેક લોકોની ધરપકડ કરવામાં આવી હતી પરંતુ યાસિન ફરાર થઈ જવામાં સફળ રહ્યો હતો. તેમનું કહેવુ છે કે સૂરત પોલીસ યાસિન ભટકલને રિમાન્ડ પર લેશે આ સંબંધમાં સુરક્ષા સંસ્થાઓનો સંપર્કકરવામાં આવશે. બીજી બાજુ સંરક્ષણ નિષ્ણાંતના જણાવ્યા મુજબ ભટકલની ધરપકડ ખૂબ મોટી સફળતા છે. આ શખ્સે ૨૦૧૦માં ત્રણ મોટાબ્લાસ્ટને અંજામ આપ્યા હતા. યાસિન બોમ્બ પ્લાન્ટ કરવામાં નિષ્ણાંત છે. તે આતંકવાદી પ્રવૃત્તિ સાથે પણ સીધી રીતે જોડાયેલો છે. આતંકવાદીઓને ટ્રેનિંગ પણ આપતો હતો. વર્માના જણાવ્યા મુજબ તે ખૂબ લોપ્રોફાઈલ રહેતો હતો જેથી તેને પકડવામાં અડચણો આવી હતી. વર્ષ ૨૦૦૮માં કોલકાતામાં ઝડપાઈ ગયો હતો પરંતુ શંકાના આધારે છુટી ગયો હતો. સૂરતમાં બોમ્બ પ્લાન્ટ કરવા ઉપરાંત અમદાવાદમાં પણ સિરિયલ બ્લાસ્ટમાં હાથ હોવાની શંકા છે. અમદાવાદ બ્લાસ્ટ સંદર્ભે પણ તપાસ થશે.

ખતરનાક યાસિન ભટકલની ભારત-નેપાળ સરહદ પરથી ધરપકડ કરવામાં આવી છે. મોસ્ટ વોન્ટેડ આતંકવાદીઓમાં સામેલ ભટકલને તેના અન્ય એક સાગરિત અખ્તરની સાથે ઝડપી લેવામાં આવ્યો છે. તેને હવે દિલ્હી લવાયો છે. યાસિનને મહોમ્મદ અહેમદ સિદી બપ્પાના નામથી પણ ઓળખવામાં આવે છે. તેની ધરપકડ કરવામાં આવ્યા બાદ અનેક આતંકવાદી હુમલાઓના રાજ ખુલવાની શક્યતા દેખાઈ રહી છે. એનઆઈએ દ્વારા આને ખૂબ મોટી સફળતા ગણવામાં આવે છે. સુરક્ષા સંસ્થાઓ છેલ્લા પાંચ વર્ષથી તેને શોધી રહી હતી. તેના પર પોતાના ત્રણ સાથીઓ તહસિન અખ્તર(૨૩), અસ્દુલ્લા અખ્તર(૨૬), વકાસ ઉર્ફે અહેમદ(૨૬)ની સાથે મળીને ૧૩મી જુલાઈ ૨૦૧૧ના દિવસે મુંબઈના ઓપેરા હાઉસ, ઝવેરી બજાર અને દાદર પશ્ચિમમાં થેયલા ત્રણ બ્લાસ્ટમાં સામેલ હોવાનો આક્ષેપ કરાયો છે. આ સિરિયલ બ્લાસ્ટમાં ૨૭ લોકોના મોત થયા હતા અને ૧૩૦ લોકો ઘાયલ થયા હતા. ઈન્ડિયન મુજાહિદ્દીન સાથે



# રેપ કેસ મામલે આસારામની આજે ધરપકડની પ્રબળ શક્યતા

## આજે પોલીસ સમક્ષ નિવેદન માટે હાજર થવુ જ પડશે : આસારામને વધારે મહેતલ આપવાનો પોલીસનો ઇન્કાર : મામલામાં દબાણ વધતા પોલીસ આક્રમક : આસારામની ૧૯મી સુધીના સમય માંગ ફગાવાઈ



નવી દિલ્હી,તા. ૨૯
રેપના આરોપોનો સામનો કરી રહેલા વિવાદાસ્પદ આસારામ બાપુની હવે ધરપકડ થવાના ભણકારા વાગી રહ્યા છે. કારણ કે આ કેસમાં પોલીસે આસારામને વધારે સમય આપવાનો ઈન્કાર કરી દીધો છે. પોલીસે હવે કઠોર વલણ અપનાવીને આસારામને ૩૦મી ઓગષ્ટ સુધી કોઈ પણ કિંમતે પોલીસની સામે હાજર થવાનો આદેશ કરી દીધો છે. આસારામને હાજર થઈને તેમનુ નિવેદન નોંધાવવુ પડશે. હાજર નહી થવાની સ્થિતિમાં તેમની ધરપકડ કરવામાં આવશે. આસારામ સામે હવે પોલીસે સકંજો મજબુત બનાવ્યો છે. મિડિયા અહેવાલમાં જણાવવામાં આવ્યુંછે છે કે આસારામે રાજસ્થાન પોલીસ પાસેથી વધારે સમયની માંગ કરી હતી જે પોલીસે ફગાવી દીધી છે. એમ માનવામાં આવે છે કે આસારામે પત્ર લખીને ૧૯મી સપ્ટેમ્બર સુધી સમય માગ્યો હતો. તેમણે કહ્યું હતું કે તેઓ ૧૯મી સપ્ટેમ્બર સુધી ઉપસ્થિત થઈ શકશે નહી. આસારામે કહ્યું હતું કે તેઓહાલમાં ખુબ વ્યસ્ત કાર્યક્રમ ધરાવે છે. બીજી બાજુ નાગપુરમાં બુધવારે આસારામના આશ્રમને ભૂમસેનાના લોકોએ નુકસાન કર્યું હતું. આ આશ્રમમાં ભારે તોડફોડ કરી હતી. પોલીસે માહિતી આપતા કહ્યું છે કે તોફાની ટોળાએ નાગપુરમાં ફેતરી વિસ્તારમાં આસારામના આશ્રમમાં પહોંચી જઈને હોબાળો મચાવ્યો હતો. આશરે ૨૫-૩૦ યુવાનોએ સંકુળમાં ઘુસી જઈને સ્વાગત વિસ્તાર અને આસપાસમાં ભારે તોડફોડ કરી હતી. આ યુવાનોએ આસારામના કેટલાક ભક્તોની સાથે મારામારી પણ કરી હતી. એ વખતે આ લોકો જન્માષ્ટિની ઉજવણી કરી રહ્યા હતા. બીજી બાજુ રેપના કેસમાં હવે આસારામના પુત્ર નારાયણ સાઈ પણ કુદી ગયા છે. નારાયણ સાઈએ કહ્યું છે કે રેપના આરોપો મુકનાર યુવતિ દિમાગથી નબળી છે. સાઈએ બુધવારે રાજકોટમાં કહ્યું હતું કે આ યુવતિ નહાવામાં અઢી કલાક લગાવે છે. જેથી જુદા જુદા કારણોસર તેના માતાપિતા તેને જોધપુરમાં લઈને આવ્યા હતા.

# રૂપિયામાં ૩.૭ ટકા સુધી એક દિવસની સૌથી મોટી રિકવરી

## ડોલર સામે રૂપિયો ૬૬.૫૫ની સપાટીએ બંધ : ૧૯ જાન્યુઆરી ૧૯૯૮ બાદ એક દિવસમાં મોટી રિકવરી : આરબીઆઈએ ઓઈલ કંપનીઓને સીધી રીતે ડોલર વેચવાનો નિર્ણય કરતા રૂપિયામાં સુધાર

મુંબઈ,તા. ૨૯
ઓઈલ કંપનીઓને સીધી રીતે ડોલર આપવાના આરબીઆઈના નિર્ણય બાદ હવે ડોલર સામે રૂપિયામાં જોરદાર રિકવરી નોંધાઈ છે. જાન્યુઆરી ૧૯૯૮ બાદથી એક દિવસની સૌથી મોટી રિકવરી રૂપિયામાં આજે જોવા મળી હતી. જેના કારણે કારોબારીઓ અને સાથે સાથે સરકારને પણ રાહત થઈ છે. જો કે આરબીઆઈ અને સરકાર દ્વારા રૂપિયાને સ્થિર કરવાના તમામ પ્રયાસો કરાઈ રહ્યા છે જે હેઠળ રૂપિયામાં રિકવરી થઈ છે. આજે કારોબારના અંતે રૂપિયો ૩.૪૬ ટકા સુધરીને ૬૬.૫૫ની સપાટીએ બંધ રહ્યો હતો જે ૧૯મી જાન્યુઆરી ૧૯૯૮ બાદથી સૌથી ઉંચી એક દિવસની રિકવરી છે. ૬૮.૮૫ની ઐતિહાસિક નીચી સપાટીએ પહોંચ્યા બાદ ગઈકાલે કારોબારના અંતે રૂપિયો ડોલરની સામે ૬૮.૮૦ની સપાટીએ બંધ રહ્યો હતો. ડોલર સામે રૂપિયામાં આજે ૨૨૫ પૈસાની રિકવરી નોધાઈ હતી. રિઝર્વ બેંકે કહ્યુ છે કે તે આવનાર દિવસોમાં વધુ કેટલાક પગલા લેવાની પણ ઈચ્છા ધરાવે છે. બુધવારના દિવસે છેલ્લા ૧૮ દિવસમાં એક દિવસનો સૌથી મોટો ઘટાડો ૩.૭ ટકાનો નોંધાયો હતો. આજે શરૂઆતથી જ રૂપિયામાં રિકવરીનો દોર શરૂ થયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ડોલરની સામે આજે સવારમાં રૂપિયામાં સુધારો થયો હતો.

આરબીઆઈ દ્વારા ત્રણ જાહેર ક્ષેત્રની ઓઈલ માર્કેટિંગ કંપનીઓને ડોલરની જરૂરિયાતોને પહોંચી વળવા તેમને સીધી રીતે ડોલર વેચવાના નિર્ણય કરવામાં આવ્યા બાદ રૂપિયાની સ્થિતીમાં સુધારો થયો છે. ગઈકાલે રૂપિયો ઘટીને ૬૮.૮૦ની સપાટીએ રહ્યો હતો. જેથી કારોબારીઓ હચમચી ઉઠ્યા હતા. કરેન્સી ડિલરો માની રહ્યા છે કે આરબીઆઈ દ્વારા ફોરેન એકસચેંજ વિન્ડો ખોલવામાં આવ્યા બાદ સ્થિતી હળવી બની છે. ઓઈલ કંપનીઓને હવે ભારે નુકસાન થઈ રહ્યું છે. બુધવારે રૂપિયામાં સૌથી મોટો ઐતિહાસિક કડાકો બોલાવ્યો હતો. તેમાં ૨૫૬ પૈસાનો એક દિવસમાં ઘટાડો થયો હતો. જેથી તેની સપાટી ૬૮.૮૦ રહી હતી. વર્તમાન ખાતાકીય ખાદ્ય અને અન્ય પરિબળો રૂપિયામાં હાલમાં ઘટાડા માટે કારણરૂપ રહ્યા છે.

### સેન્સેક્સ ૪૦૫ પોઈન્ટ સુધરી ૧૮૪૦૧ની નવી સપાટી પર

મુંબઈ,તા. ૨૯
શેરબજારમાં આજે તેજીનું મોજુ ફરી વળ્યુ હતુ. કારોબારના અંતે સેન્સેક્સ ૪૦૫ પોઈન્ટ સુધરીને ૧૮૪૦૧ની સપાટીએ રહ્યો હતો જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જમાં નિફ્ટી ૧૨૪ પોઈન્ટ સુધરીને ૫૪૦૯ની સપાટીએ રહ્યો હતો. મોટા ભાગના શેરોમાં આજે તેજી જામી હતી. ઓઈલ એન્ડ ગેસના શેરમાં વિશેષ તેજી રહી હતી. એચડીએફસી, આઈટીસી, ટીસીએસ, એચડીએફસી બેંકમાં તીવ્ર તેજી નોંધાઈ હતી. બ્રોડર માર્કેટમાં મિડકેપ ઈન્ડેક્સમાં ૧.૫ ટકા સુધીનો સુધાર થયો હતો. જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૭ ટકાનો સુધારો રહ્યો હતો. અગાઉના બે સેશન્સમાં તીવ્ર ઘટાડો નોંધાયા બાદ રિકવરી એશિયન બજારમાં પણ જોવા મળી હતી. તમામ સેક્ટરલ ઈન્ડેક્સ તેજી સાથે બંધ રહ્યા હતા. ઓઈલ અને ગેસ, મેટલ, એફએમસીજી, કેપિટલ ગુડ્સ, ઓટો ઈન્ડેક્સમાં ૨-૩ ટકાનો સુધારો થયો હતો. પાવર, બેકેક્સ, હેલ્થકેર, કન્ઝ્યુમર ડ્યુરેબલ અને પીએસયુ ઈન્ડેક્સમાં ૧-૧.૮ ટકા સુધીનો સુધાર થયો હતો. સેન્સેક્સના જે શેરોમાં આજે ઘટાડો નોંધાયો હતો તેમાં કોલ ઈન્ડિયાનો સમાવેશ થાય છે. તેમાં ૧.૬ ટકાનો ઘટાડો રહ્યો હતો આ ઉપરાંત એસબીઆઈ, તાતા પાવર, તાતા સ્ટીલ, ઈન્ફોસિસ, સિપ્લામાં ૦.૩થી ૦.૬ ટકા વચ્ચેનો ઘટાડો રહ્યો હતો. આજે શેર બજારમાં રિકવરી થતા કારોબારીઓ ખુશ દેખાયા હતા. માર્કેટ બ્રિડથ હકારાત્મક રહી હતી. ૧૨૭૫ શેરમાં તેજી અને ૯૮૯ શેરમાં મંદી રહી હતી.

### સમાચાર ઝલક

- દેશભરમાં ધામધૂમથી ઉજવાયો જન્માષ્ટમી ઉત્સવ, મથુરા, દ્વારકા, ડાકોરમાં માનવ ભક્તોનો મહેરામણ.
- વડોદરામાં મકાન ધરાશાયી થતાં ૧૧ વ્યક્તિઓનાં મૃતદેહો મળ્યા, ૩ જીવતા મળ્યા, મુખ્યમંત્રીએ શોક વ્યક્ત કર્યો.
- મહેસાણામાં પુરતા પુરાવા વગર સીમકાર્ડ વેચતા મોબાઇલનાં દુકાનદારો સામે કાર્યવાહી.
- ૨૫.૯૦ કરોડ ટન અનાજ ઉત્પાદન કરવાનું આયોજન કરતી કેન્દ્ર સરકાર.
- ઇરાકમાં બોમ્બ વિસ્ફોટથી ૧૧ વ્યક્તિઓનાં કરૂણ મોત.
- શેરબજારમાં તેજી, રૂપિયામાં સુધારો.
- ભારતમાં ૩ લાખ ૮૨ હજાર ગામોમાં વીજણીકરણ કરવામાં આવ્યું.
- ધ્યાનચંદના જન્મદિન નિમિત્તે તા. ૨૯મી ઓગસ્ટે ‘ખેલકૂદ દિન’ ભારતમાં ઉજવાયો.
- કરાંચીમાં કાયદો-વ્યવસ્થા કથળવા માટે તમામ એજન્સીઓને ચેતવણી આપતી પાકિસ્તાનની હાઇકોર્ટ.
- ગોવામાં સમાજવાદી પાર્ટીનાં ધારાસભ્ય કોલગર્લ સાથે રંગરલીયા મનાવતા પકડાતા પક્ષે સસ્પેન્ડ કર્યા.
- નાગપુરમાં લાખો રૂપિયાની નકલી નોટો સાથે ૨ વ્યક્તિઓ ઝડપાયા.
- મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, છત્તીસગઢ, બિહાર, પશ્ચિમ બંગાળ પુરથી અનેક ગામોમાં તબાહી, મધ્યપ્રદેશના રાજયપાલ પુરગ્રસ્તોની સ્થિતિ જોઇ રડી પડયા.
- આજે ભારતભરમાં રજૂ થનારી ફિલ્મ ‘સત્યાગ્રહ’.
- ધ્રાંગધ્રામાં જન્માષ્ટમીનાં મેળામાં મોતનાં કુવાનાં ખેલ જોતાં ત્રણ વ્યક્તિ કુવામાં પડી ગઇ.